## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

કોઇએ આડાઅવળા લીટા દોર્યા કોઇએ સીધા;
અમે ઝાડના છાંયે ઉભા રહી ઝાઝવાં પીધાં !

કોઈ આભમાં ગોબો પાડે,કોઇ પાતાળે કાણું,
અમે અમારા ઘરને ખૂણે,રમીએ ચલકચલાણું.

કોઇએ ભાંગ્યા મોભ અડાબીડ અને કોઇએ નેવાં,
અમે ફફડતે જીવ છાતીએ સંતાડયાં પારેવાં.

કોઇએ સપનામાં હંકારી અડધી રાતે હોડી,
અમે ગામ સોંસરવા ભાગ્યા અજવાળાને ફાડી.

- રાજેશ પંડયા

### પાથેય

- રમેશ ઠક્કર

## પારેવા જેવા શ્વાસ...

રજૂઆત એ જ આમ તો અનોખી વાત હોય છે..સાવ સીધી વાત કે ઘટના એના ઘાટ કે કહેવાની રીતના કારણે અનોખી બની જાય છે..આપણે કોઈ વૃક્ષની છાયામાં ઉભા રહીએ તો શું કરવું એ વિમાસણ થઈ જાય..માણસ એવા સમયે બહુ બહુ તો આસપાસ આમતેમ જોયા કરે કે નીચે બેસી જમીન ઉપર સીધા કે ઉભા લીટા કરે..દૂર દેખાતાં ઝાંઝવાં પોતે પ્યાસ બુઝાવવા અસમર્થ છે..આમ છતાં એ તરસ છુપાવી શકશે એવો આશાવાદ રાખવો એ પણ કમ નથી !

દુનિયામાં કેટકેટલી શોધો અને અવનવી દિશાઓ ખુલતી રહી છે..માણસ ધારે તો આકાશમાં પણ ગોબો પાડે શકે છે..નીચે પાતાળમાં કાણું પાડી શકે છે..જે વિસ્તરે છે એ વિકસે છે..સતત મથામણ કરતી વ્યકિત આકાશને આંબી જાય તો એ નવાઈપ્રેરક નથી લાગતું..જે બંધિયાર બનીને બેસી રહે છે એ ફકત ચલકચલાણું કરતો રહે છે..પૃથ્વીની વિશાળતા એ ગતિશીલ માણસો જ પામી શકે છે..નાની સરખી ઠેસ વાગતાં જે અટકી જાય છે એના માટે આ ઐશ્વર્ય હોતું નથી.

કવિઓ આ બાબતે ગજબ કલ્પનો કરે છે..શબ્દોની પંખાળી ઘોડી જયારે દોડવા માંડે છે ત્યારે એની ચાલમાં ગજબનો લય અનુભવાય છે..માણસ મોભ છોડીને એટલે કે ઘર કે વતન છોડીને સુખ અથવા કોઈક ધ્યેય માટે દોટ મૂકે છે..કોઈક નેવાંએ નેજવું નાખી ઉભેલા સ્વજનોને છોડી ચાલી નીકળે છે..આ બધા બાહય ઉપચાર છે..ખરી યાત્રા તો આપણી અંદરની હોય છે..પારેવા જેવા શ્વાસને છાતીએ વળગાડી જીવવું પણ એટલું જ સાર્થક હોઈ શકે છે..માણસના અરમાનોની કોઈ સીમા નથી..એ સપનામાં પણ હોડી હંકારી શકે છે..એની પાસે ગજબ તાલાવેલી હોય છે..માણસ અંધારામાં ખેપ મારે એ તો જાણે સમજયા પણ ગામ વચ્ચેથી અજવાળાને ફાડીને નીકળી પડવાની વાત અનોખી છે..આપણે અંધારને ભેદવાનો ઈલમ જાણતા હોઈએ છીએ પરંતુ પ્રકાશના પુંજ સાથે ઝગમગતું એક કિરણ બની ફેલાઈ જવાનો કસબ પણ શીખવા જેવો છે..

# શિષ્ટાચાર અને ભ્રષ્ટાચાર વચ્ચે ભેદ ઘટે છે

તંત્રીસ્થાનેથી...

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીના મંત્રીમંડળમં ઉદ્યોગમંત્રી તરીકે કાર્યરત પાર્થો ચેટરજીનાં નિકટવર્તી મહિલા અર્પિતા ચેટર્જીના ઘરે ઈડીએ ચલણી નોટોનો મસમોટો ગંજ ખડકાયેલો શોધી કાઢ્યો છે. કહેવાય છે કે આ બધાં ભ્રષ્ટાચારનાં નાણાં છે જે શિક્ષકોની ભરતી વખતે વસૂલવામાં આવ્યાં હોવાની સંભાવના છે. ઈડી પશ્ચિમ બંગાળ સ્કૂલ સેવા કમિશન (SSC) અને પ્રાથમિક શિક્ષણ બોર્ડમાં આચરાયેલા કહેવાતા ભરતી કૌભાંડની તપાસ કરી રહેલ છે. કૌભાંડ થયું ત્યારે પાર્થો ચેટરજી શિક્ષણમંત્રી હતા. સમાચાર વાંચી- સાંભળીને ભાગ્યે જ કોઈને આશ્ચર્ય થશે. એની સત્યતા વિશે શંકા પણ નહીં જાગે. આવાં ભરતી કૌભાંડો અત્ર-તત્ર-સર્વત્ર ચાલતાં રહે છે. અને લાખ કોશિશ કરવામાં આવે તો પણ એ અટકે એ વાતમાં માલ નથી. ભારત અને ભ્રષ્ટાચાર બેઉ ધન રાશિના શબ્દો છે. બેઉને એક મેક સાથે સારી લેણાદેણી રહી છે. ભ્રષ્ટાચાર શબ્દ 'ભ્રષ્ટ' વિશેષણ સાથે 'આચાર' કહેતાં આચરણ શબ્દને જોડવાથી બને છે. એને મળતો બીજો એક પ્રાસવર્તી શબ્દ છે 'શિષ્ટાચાર'. શિષ્યાચારનો વ્યાપ કયારેક ભ્રષ્ટાચાર સુધી પહોંચતો હોય છે. દિવાળી કે ઈદથી લઈ ક્રિસમસ જેવા તહેવારની ભેટ શું ભ્રષ્ટાચાર ના ગણાય ? એવી ભેટ હેતુપૂર્વક જ અપાતી હોય છે. પદ પરથી ઊતરી ગયેલા અધિકારીનું નામ એવી યાદીમાંથી તાબડતોબ રદ થઈ જતું હોય છે. અથવા એમને ફક્ત ટોકન ગિફ્ટ અપાય છે. આપણી સંસ્કૃતિ વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિઓની શ્રેણીમાં આવે છે. સંસ્કૃતિ પોતે જ પ્રકૃતિ સાથેનો ભ્રષ્ટાચાર નથી શું ? એણે પર્વતો કોરીને ગુફાદાર બનાવ્યા. વૃક્ષોને ઈચ્છા મુજબ વાવ્યાં, ઉછેર્યાં અને કાપી નાખ્યાં. અબોલ પ્રાણીઓનો જીવવાનો કુદરતી અધિકાર છીનવી લઈ કતલખાનાં સ્થાપ્યા. આમ ભ્રષ્ટાચાર એ માનવીના લોહી સાથે રસાઈ ગયેલો કઠોર યથાર્થ છે. એની વિરુદ્ધ બુમરાણ જરૂર થતી રહી છે. પરંતુ એથી એ અટક્યો નથી. પંડિત નહેરુને ભ્રષ્ટાચાર આચરવાની જરૂર નહોતી કારણ કે મોઢામાં પ્લેટિનમ સ્પૂન લઈને મોતીલાલ નહેરુનાં ઘરમાં જન્મ્યા હતા. પરંતુ એમના મંત્રીમંડળના સાથીઓ દૂધે ધોયેલા નહોતા. સરદાર પટેલ પેટના જણ્યા ડાહ્યાભાઈને દિલ્હીથી આઠ માઈલ સુધીના વિસ્તારમાં પ્રવેશવાની મનાઈ ફરમાવી હતી જેથી તે સરકારી તંત્ર પાસેથી પોતાનું નામ વટાવી ખોટાં કામ ના કઢાવી જાય. પરંતુ આવી શુદ્ધ વિશુદ્ધ આચારસંહિતા એમના પછી શાસ્ત્રી સિવાયના કોંગ્રેસી વડાપ્રધાનો પાળી શક્યા નથી. તે સર્વવિદિત છે. ઈંદિરા ગાંધીથી લઈ આજ પર્યંત ભ્રષ્ટાચારને શિષ્ટાચારના પર્યાયવાચી શબ્દની માન્યતા મળતી રહી છે, ભલે ચૂંટણી વખતે ભ્રષ્ટાચારના મુદ્દે મોદીથી મમતા સુધીના નેતાઓ મોટી ગુલબાંગો પોકારતા રહે. ઉદ્યોગપતિઓને અનુકૂળ તંત્ર એ ભ્રષ્ટાચાર નથી, માત્ર ને માત્ર 'વિકાસ' છે એવી મજાક કેટલાને પચી શકશે ? વળી પારકાં ને પોતીકાં વાળી ધૃતરાષ્ટ્રના જમાનાથી ચાલી આવતી રાજનીતિ એ શું ભ્રષ્ટાચાર નથી ? મમતા બેનરજી વિશે જન સાધારણમાં ઘણો સાત્ત્વિક અભિપ્રાય પ્રવર્તે છે. પરંતુ એથી એમના મંત્રીમંડળમાં પણ બધા શુદ્ધ અને સાત્ત્વિક લોકો જ હોય એવી અપેક્ષા વધુ પડતી જ લેખાશે. શારદા કૌભાંડમાં મમતા બેનર્જી સુધી રેલો પહોંચતો હોવાની વાતો આવી હતી. ભ્રષ્ટાચાર મુદ્દે વિરોધીઓને સીધાદોર કરવાની એજન્સી છે. ઈન્કમટેક્સ, ઈડી કે સીબીઆઈ જેવી એજન્સીઓનો તમામ સરકારો પોતાની વિરુદ્ધ ઊઠતા બુલંદ વિરોધને ઠંડો પાડવા દુરુપયોગ કરતી રહી છે. મમતાનાએ જ શારદા કૌભાંડી સાથીદારો ભાજપમાં ભળતાંવેંત દૂધે ધોયેલા બની ગયા હતા ! શરદ પવાર, મુલાયમસિંહ, માયાવતી બલકે ખુદ સોનિયા ગાંધી વિરુદ્ધ આ લટકતી તલવાર છે. કાલે એ જ તલવાર વિપક્ષના હાથમાં આવી શકે છે. એનું હસ્તાંતરણ અટકાવવા માટે હિંદુત્વ અને કાશી-મથુરા કે અયોધ્યાનો ભરપૂર ઉપયોગ થતો રહે છે - શું એ 'શિષ્ટાચાર છે?'

# બસ સ્ટેશન

વાત-વાતમાં
અક્ષય બ્રહ્મભટ્ટ

હોળી આ વખતે શુકવારે હોઈ ૩ દિવસ ની રજા નો મસ્ત મેળ પડેલો. મારી નોકરી બરોડા એટલે ગુરુવારે કામ પતાવીને સાંજે નીકળ્યો ગાંધીનગર ઘરે જવા. ઓફિસ થી બસ સ્ટેશન અડધા - પોણા કલાક નો રસ્તો ખરો અને બસ નો ટાઈમ હતો સાડા છ નો એટલે સાડા પાંચ વાગે નીકળેલો. સદનસીબે બહાર નીકળ્યાં ની પાંચ મિનીટ માં જ ડાયરેક્ટ સ્ટેશન ની રિક્ષા મળી ગઈ, એ પણ બે જણ વચ્ચે એટલે ટાઈમ એ પહોંચવાની અને થોડું ઘણું ભાડું બચવાની બેવડી ખુશી હતી.



સ્ટેશન એ ધાર્યા મુજબ સવા છ એ પહોંચ્યો. બરોડા થી રાણીપ(અમદાવાદ) સુધી ની વોલ્વો ની ટિકીટ ઓનલાઈન બુક કરાવેલી એટલે ચિંતા નહોતી. બરોડા થી અમદાવાદ બે - અઢી કલાક અને ત્યાં થી ગાંધીનગર નો બીજો અધડો - પોણો કલાક ના હિસાબે પોણા દસ વાગ્યા સુધી માં ઘરે પહોંચવાની ગણતરી હતી. સ્ટેશન એ પહોંચતા જ બસ પણ જાણે રાહ જોઈ ને ઉભી હતી. ટાઈમ થતાં જ બસ ઉપડી.

થોડી વાર પછી કંટાળો આવવા લાગ્યો અને થાક ના કારણે માથું દુઃખતું હોઈ મોબાઈલ વાપરવાની ઈચ્છા પણ નહોતી. છેવટે પાછળ ની સીટ એ બેઠેલા બહેનની એમના પતિ જોડે ફોન ઉપરની ઉગ્ર દલીલો અનિચ્છા એ પણ સાંભળવી પડી. આમ તો મને કોઈ ની વાતો સાંભળવાની ટેવ નહિ પણ સંજોગવશાત બહેન ના પતિ નું નામ પણ અક્ષય હતું. અને હું કંટાળેલો એટલે મને પણ કુતૂહલ જાગ્યું. બસ માં બેઠા ના લગભગ કલાક પછી એમનો ઝઘડો ચાલુ થયેલો અને સિટીએમ આવતા આવતા મને એટલું તો સમજાઈ ગયેલું કે ઝગડો કઈ વાત ને લઈ ને હતો. વચ્ચે મેં બહેન ને એવું બોલતા સાંભળ્યા કે "મને તો બોલવા દે!". મને નવાઈ એ વાત ની લાગેલી કે મને યાદ છે ત્યાં સુધી ૯૦% ટાઈમ બહેન જ વાત કરતા હતા. બહેન સીટીએમ એ ઉતરી ગયા. હવે બાકીનો સમય પસાર કેવી રીતે કરવો એ વિચારવાનું હતું. સિટીએમ થી રાણીપ પહોંચતા આમ તો ચાલીસ મિનીટ જેવું જ થાય પણ હોળી ના હિસાબે ટ્રાફિક હોઈ કલાક લાગી ગયો. જો કે રસ્તા માં પાંચ -છ જગ્યાઓ હોળી જોવાનો લહાવો પણ મળ્યો

છેવટે સવા નવ વાગ્યા ની આસપાસ હું રાણીપ ઉતર્યો. આશા હતી કે થોડો "વહેલો" હોઈ ગાંધીનગર ની બસ જલ્દી જ મળી જવી જોઈએ પણ નિયતિ ની કંઈક બીજી જ ઈચ્છા હતી. પંદર મિનીટ રાહ જોવા છતાં એક પણ બસ નજરે ના આવતા એક દુકાનવાળા ને પૂછવા ગયો. ત્યાં થી જાણવા મળ્યું કે હજુ વાર લાગે એમ હતી. માથું તો દુઃખાવાનું ચાલુ જ હતું એવા માં દુકાને ચા દેખાતા એક ચા પ્રેમી તરીકે સ્વાભાવિક રીતે જ આદુ વાળી કડક ચા પીવાના કોડ જાગ્યા. પણ પાછું ઘરે જઈને જમવાનું હોઈ ચા નો પ્લાન ઈચ્છા હોવા છતાં કેન્સલ રાખવો પડ્યો.

છેવટે પોણા કલાક સુધી રાહ જોયા પછી બસ આવી! પણ તહેવાર ના હિસાબે અંદર ભીડ એટલી હતી કે ઉભુ રહેવાની જગ્યા પણ માંડ દેખાઈ. હાથ માં ૨ બેગ (એક માં પાછું લેપટોપ) હોવાના લીધે બેસવું કે નઈ એની અવઢવ માં હતો પણ મોડું થઈ ગયું હતું અને બીજી બસ ના કોઈ અણસાર દેખાતા નહોતા એટલે "અંદર જઈને જોયું જવાશે" ના નિર્ધાર સાથે બસ માં ચઢ્યો. મારા કરતા મને લેપટોપ ની બેગ ક્યાં મૂકવી એની ચિંતા વધારે હતી. છેવટે રેક ઉપર પણ ખાલી જગ્યા ન દેખાતા મારા પગ ની આગળ જ બેગ મૂકી. બીજી બેગ કંડકટર ની સીટ ઉપર મૂકવાની વિનંતી કરી. કંડકટર ભલો માણસ હતો, સંમત થયો. ધક્કા ખાતા ખાતા પણ અંતે દસ ની જગ્યા એ સાડા દસ વાગે ગાંધીનગર પહોંચ્યો. થાક તો લાગેલો જ હતો પણ કહે છે ને કે "ધરતી નો છેડો ઘર". ઘરે પગ મૂકતા જ જાણે બધો જ થાક ઉતરી ગયો. ઘર માં પ્રવેશતા જ એ રસોડા તરફ દોટ મૂકી, જ્યાં મમ્મી ના હાથ નું ખાવાનું મારી રાહ જોઈ રહ્યું હતું. મુસાફરી એ થકવી નાખેલો પણ પહેલો કોળિયો મોઢા માં જતાં જ લાગ્યું કે દુનિયા ની નિયમ છે કે કંઈક મળવાની કિંમત ત્યારે જ સમજાય જ્યારે એ મળતા પહેલા કંઈક અડચણ આવે.

### દિન મહિમા

- કેશુભાઈ પટેલની જન્મ જયંતિ, ભારતીય રાજકારણી, ગુજરાતના ૧૦મા મુખ્યમંત્રી
- પન્નાલાલ ઘોષની જન્મ જયંતિ, ભારતીય

### આજનું ઔષધ

- ફેફસાની નાની મોટી તકલીફોમાં શતાવરીનું ચુર્ણ અને સાકર દુધમાં ઉકાળી લાંબો સમય લેવાથી સારો ફાયદો થાય છે.

### ખડખડાટ

- પતિઃ કેમ મારે છે મારા છોકરા ને?
પત્નીઃ મે કીધુ ભણ નઈ તો સારી છોકરી નહિ મળે !
તો આ તમારો છોકરો કે છે કે પપ્પા પણ ખૂબ ભણ્યા જ હતા ને!

### આજનું વોટ્સએપ

- સ્મિત... કાયમ 'સંતોષ' નું નથી હોતું... ક્યારેક 'સહનશક્તિ' નું પણ હોય છે.

# 'ખાડાનાં દાળવડાં' એ ઋતુવાચક નહીં ભૌગોલિક ઘટના છે : છગનલાલની ભજીયાપાર્ટી...



હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

વરસાદમાં ઘણું બધું હવાઈ જાય. અમુક માણસો પણ પાપડ જેવા હોય. વરસાદ પડે એટલે એમનું કપાળ ઢીલું પડી ગયું હોય, હાથ-પગ વળી જવાની તૈયારીમાં હોય અને એમને એમની પત્નીએ કેશરોલમાં મુકી રાખ્યા હોય એવો એમનો દેખાવ થઈ જતો હોય છે. પણ છગનલાલ મુળથી જ વીરપુરુષ પવનમાંથી ગરમી અદ્રય થઈ જાય અને બે વાદળ ચઢી આવે એટલે ગભરાઈ ના જાય. એમની પત્ની વરસતી હોય તો છત્રીની જેમ બહેરાશ ઓઢી લે, પણ પલળી ના જાય એવું લાગે તો ઘરના પાંચ છ કામ કરી દે, અરે.. કચરાપોતા પણ કરી દે પણ નમી જવાનું નામ ના લે, અકડ. અમે એમની વાઈફની વીરગાથાઓ સાંભળી છે, એકવાર એક મિત્રએ ગાયેલું, તે વીરાંગના ગુજરાતણ શક્યો પાપડ ભાગી શકે છે .' ત્યારે મુળમાં છગનલાલ સાથેની લડાઈની વાત હતી. છગનલાલ એવા તો વીર કે સામેથી વીઆરએસ લેતા હોય એમ હાર સ્વીકારી લે, પણ સામી છાતીએ હારે નહીં. છગનલાલની વાતો સાંભળી સાંભળી ઘણા પુરુષો સાવ મફતમાં સુખી લગ્નજીવન ગાળે છે. બાકી સુખી લગ્નજીવન અંગેના ભાષણ સાંભળવાની પણ ફેશન ચાલે છે. જો કે છગનલાલ માને છે કે લગ્નજીવન કોઈ રોગ જેવું સાવ સહેલું દુઃખ નથી જેને બહારના ડૉક્ટરની લખી આપેલી દવાથી બધું બરાબર ચાલે. આમાં તો શરદી જેવું છે, શરદીના ત્રણ સિધ્ધાંતો છે, એક દવા લો તો અઠવાડિયે મટે અને ના લો તો સાત દિવસમાં મટે બીજો, દેશી ઉપાયો અને દવા સમાંતરે સફળ થાય છે. ત્રીજો, ઓમિક્રોન હોય તો પણ કોરોના પછી આપણી પ્રજાએ આ બાબતમાં જબરી આત્મનિર્ભરતા હાંસલ કરી છે. આ સિધ્ધાંત છે, પોતાની દવા પોતે જ કરી લેવાની, કારણ ડૉક્ટર ગમે તેટલા સારા હોય છેલ્લે સાજા તો દર્દીએ જાતે જ થવાનું હોય છે. લગ્નજીવનનું પણ એક પ્રકારની શરદી જ છે. જો કે મારે તમને લાકડાના લાડુવાળી ખુબ જ જુની વાત કહેવી નથી. લગ્નજીવનમાં મઝા કરવા તમારામાં મુળમાં 'ઉત્સવવૃત્તિ' હોવી જોઈએ. ઉજવવાની મઝા છે, મુંઝવવાની નહીં. ઉજવો, કંઈ પણ હોય ઉજવો. મને સુરતના મિત્રો એટલા માટે જ ગમે. સ્મશાને ગયા હોય તો પણ જવા/આવવા અને દુઃખ કરાવવામાં જે એનર્જી વપરાઈ હોય એને ખમણથી પાછી મેળવીને ન્હાવા-ધોવાની વાત હાથ ઉપર લે. તો, આપણે આજે છગનલાલની ઉત્સવપ્રિયતાને માણીએ છીએ. એ ચોમાસુ આવે એટલે અમારી એક કવિતાની પંક્તિઓ ગણગણતા હોય છે, 'અમે ચોમાસે ચાર માસ લીલા/ અમે મેળામાં સાફાઓ પીળા પીળા... ' બસ, તો ઉકરડાની સ્થાપના કે ઉઠમણામાં ઉત્સવ કરી શકતા છગનલાલ ચોમાસામાં એક ઉત્સવ માટે અમારી સોસાયટીમાં ખુબ પ્રખ્યાત છે, અને એ છે, છગનલાલની ભજિયા પાર્ટી હવે, આમાં વ્હોટસ-એપ પર ચાલતો પીતાંબર સ્નાનવાળી રમુજ વચ્ચે લાવવા જેવી નથી કારણ છગનલાલ માને છે કે વરસાદ આવે છે એ એક રોમેન્ટિક ઘટના છે. વરસાદ આવે ત્યારે ભેસો પલળે છે અને માણસ ભીંજાય છે. પણ સારા માણસો જે સ્કુટર ઉપર લીફટ નથી આપતા એ છત્રી શેર કરવાની સામાજિકતા બતાવતા હોય છે. વરસાદના સાડાત્રણ ઝાપટાંથી ખાડા પડી ગયા ત્યારે ઘણા વીડિયોમાં જોઈએ છીએ કે મ્યુનિસિપલ બસમાં તમને ઉંટસવારીનો આનંદ મળે છે. અને તે પણ બસ ભાડામાં જ! .' આટલી વાતથી જ પ્રસન્ન થયેલા છગનલાલને એમની દિકરીની વાતથી હેરાન થઈ ગયા.

એમની દિકરીએ પૂછ્યું, 'પપ્પા, મમ્મીએ કહ્યું, આજે છાપામાં આટલું બધું આવ્યું છે તો 'ખાડાનાં દાળવડાં' તો ખવરાવો.' છગનલાલ એમની અંગ્રેજી માધ્યમમાં ભણતી દિકરીને કેવી રીતે સમજાવે કે બેટા "ખાડાના દાળવડાં' એ ઋતુવાચક શબ્દ સમુહ નથી પણ ભૌગોલિક ઘટના છે. અમે કૉલેજમાં ભણતા હતા ત્યારે વરસાદમાં નહેરુબ્રીજને નાકે આવેલા ખાડાના દાળવડાં' તરીકે પ્રખ્યાત એવી લારી પર દાળવડાં ખાવા રોકાતા. આની એક લિજ્જત હતી. વરસતા વરસાદમાં જે લોકો લપસતા નહીં એ લોકો

અહીં બસની રાહ જોતી કોલેજ કન્યાને દાળવડોની ઑફર કરવાની હિમ્મત કરતા.તળાતાં દાળવડાં એકરીતે પડતા વરસાદના ચાળા પાડતા. આવા સમયે યુવાન કોલેજિયન બાજુમાં આવેલા થિયેટરના હોર્ડીગમાં દોરેલા 'હીરો'ના ફોટો સામે જોઈ વરસાદમાં ભીંજાયેલી પેલી કોલેજકન્યાને ગર્લફ્રેન્ડ થવા શબ્દો-વિનાનું આમંત્રણ આપતા. જેમ વરસાદ પડવાથી વધતી શીતળતા સામે ઉકળતું તેલ પોતાની ઉષ્ણતાથી દાળવડાંના રુખાસુખા ખીરૂને એ એક સ્વાદિષ્ટ વાનગી બનાવી શકે છે , લીલાં મરચાં સારા મિત્રોની જેમ સાથે ઉભા રહે છે, એવી રીતે આ દાળવડાંની ડિશ તમે ઈચ્છો તો આપણા જીવનને દાળવડાંનો ઉત્સવ બનાવી શકે .' છગનલાલ આમ પોતાના સમયની 'સ્ટોરી' કહી પ્રેમનો પાઠ શીખવતા હતા. આખી વાત એટલા માટે ધીમેથી કહેતા હતા કારણ જો એમની પત્ની આવી વાતોને પણ છગનલાલની ગર્લફ્રેન્ડ ગણીને ગુસ્સે થતાં. અને જો બાજી સંભાળવામાં ના આવે તો તેલની ઉષ્ણતા પ્રાપ્ત કરી લે પણ છગનલાલ હંમેશાં વરસાદ આવે એટલે એક ભજીયોપાર્ટી ગોઠવે છે. અને એમ કરીને ખાડા ખાડા શું કરો છો, જીવન જ ખાંડાની ધાર પર ચાલવા જેવું છે. 'એવા એવા આશ્વાસનના શબ્દોથી સૌને ચણાના લોટમાં છુપાયેલા ચણાના ઝાડ પર ચઢાવે છે. જો કે છગનલાલના પડોશીઓ પાસે દુનિયાભરની વાતો હોય છે એટલે પડોશી કમલકિશોરજી જે સ્ટોકમાર્કેટના જાણકાર છે, આશ્વાસન આપતાં કહે છે, 'એક વસ્તુ પડે તો બીજી ચઢે... હવે વરસાદ પડ્યો છે એટલે પડેલું માર્કેટ ઉંચકાશે ' અને બધા મિત્રો લીલાં મરચાં સાથે ભજીયાંપાર્ટી માણે, કારણ જીવન એક ઉત્સવ છે.

# કભી કિસી કો મુકમ્મલ જહાં નહીં મીલતા..!!!



રઝળપાટ
અજય ઉપાધ્યાય

કૈથલ ( હરિયાણા )ના પ્રખ્યાત ગઝલકાર , નામ ગુલશન મદાન. એમની બહુ ઈચ્છા કે એ સમયના પ્રખ્યાત ગઝલ ગાયક એમની લખેલી ગઝલ ગાય. એમણે એ ગઝલ ગાયકને એક ગઝલ પણ મોકલેલી પણ ઘણો સમય થયા પછી પણ કોઈ જવાબ નહીં. ગુલશને વિચાર્યુ કે આવડા મોટા ગઝલ ગાયકને આપણા જેવા નાના શહેરના શાયરોની ગઝલો માટે થોડો ટાઈમ હોય ?? પણ એક દિવસ એ ગઝલ ગાયકનો ખુદનો ફોન ગઝલ ગાવાની પરમીશન લેવા માટે આવ્યો એ જાણીને ગુલશનને આનંદ સહિત આંચકો લાગ્યો. ગુલશને તો ખુશી ખુશી સમતિ આપી પણ દીધી અને એ ગઝલ ' બન કે હરકદમં તુ મેરે સાથ ચલ , કુછ તો હો તનહાઈ કમ ' તો ડયૂએટમાં ગવાઈ પણ ગુલશનની ઓર એક ગઝલ પણ એ વિનમ્ર અને સાદગીભર્યા ગઝલ ગાયકે પોતાની પત્નીના મીઠા સ્વરો સાથે યુગલમાં ગાઈ. ૨૦૦૦ના દાયકામાં જેનો ગઝલ ગાયકીનો સૂરજ સોળે કળાએ ખીલેલો હતો છતાં જે માણસ ત્યારે અને જીંદગીભર આટલો નમ્ર અને સરળ રહી શક્યો એનું નામ હતું ' ભુપિન્દર સિંઘ ' અને યુગલમાં સ્વર આપનાર એટલીજ ટેલેન્ટેડ એમની પત્ની મિતાલી મુખર્જી..!

'કભી કિસી કો મુકમ્મલ જહાં નહીં મીલતા.. કહી જમીતો કહી આસમાં નહીં મીલતા..' ભુપિન્દર માટે કદાચ આ વાક્ય બરાબર ફિટ બેસતું હતું. ભુપિન્દરે જ ગાયેલ ગીતના આ શબ્દો ભુપિન્દર સાથે જોડાયેલા રહ્યા. ખ્યાતિ તો ખૂબ મળી.. ચાહકો પણ ખૂબ મળ્યા પણ જેને કહે ને કે એને જે મળવી જોઈતી હતી એવી પ્રચંડ સફળતા કદાચ એને ક્યારેય ના મળી. ખેર ક્લાસ માટેના સિંગર એવા ભુપિન્દરને ગાયક બનવું જ નહોતું. અને એનું કારણ પણ હતું. પિતા નત્થાસિંહ ખુદ સંગીતના પ્રોફેસર હતા ને ભાઈ પણ સંગીતકાર હતો એટલે ભુપીન્દરને થયું કે આમાં જો એ પણ સંગીત શિખશે તો જોઈએ એટલી નામના નહીં જ થાય. સંગીતકાર પિતા નત્થાસિંહનાની ઉમરમાં જ ભુપિન્દરને રિયાઝ કરવા બેસાડી દેતા. પિતા સંગીત બાબતે અનુશાશનના આગ્રહી હતા અને ખેલવા-કુંદવાની ઉમરમાં પરાણે રિયાઝ કરવું બાળ ભુપિન્દરને માફક નહોતું આવતું પણ ખેર નિયતિમાં ગાયક જ બનવાનું લખ્યું હશે એટલે થોડા સમય માટે સંગીતથી દૂર થયેલ ભુપિન્દર બહુ જલદી સંગીત તરફ પાછા ફર્યા અને એમની સૂરીલી સફરની શરૂઆત પહેલા આકાશવાણી અને પછીથી દિલ્હી દૂરદર્શનના પરદે શરૂ થઈ.

ગાયકીથી કંટાળેલા ભુપિન્દરે વચમાં ગિટાર શીખવાનું શરૂ કર્યુ અને બહુ ઓછા લોકોને ખબર હશે કે ભુપીન્દર સારા ગાયકની સાથે સાથે ખૂબ જ સારા ગિટારિસ્ટ હતા. અને આવી જ સંગીતકાર મદન મોહનના માનમાં યોજાયેલી એક પ્રાઈવેટ પાર્ટીમાં ગિટાર વગાડતા અને ગીતો ગાતા ભુપીન્દરને સાંભળીને પ્રખ્યાત સંગીતકાર મદન મોહને એમને ફિલ્મ ; હકીકત' માં ચાર ગાયકોવાળા ગીત ' હોંકે મજબૂર મુજે ઉસને બુલાયા હોગા ' માં એક અંતરો ગાવા આપ્યો , બીજા ત્રણ ગાયકો હતા રફી , તલત અને મન્નાડે. શું શરૂઆત છે બોસ..!!!! ભુપીન્દર દિલ્હીથી આવી ગયા મુંબઈ. જો કે ભુપીન્દર ખુદ કહે છે કે એમને બોલીવુડમાં પહેલો ચાન્સ ૧૯૬૬ માં ખયામસાહેબે ફિલ્મ ' આખરી ખત ' ના ગીત ' ઋતુ જવા જવા ' દ્વારા આપેલો. આ ગીતમાં તો પાછા ભુપીન્દર ગાયક પણ હતા , કલાકાર પણ અને ગિટારિસ્ટ પણ..!!! એમ તો હકીકતના એ ગીતમાં પણ ભુપીન્દર પરદા પર ચમકેલા. ખેર ફિલ્મ ' હકીકત ' અને ગીત તો હીટ ગયું પણ એનો કોઈ ખાસ ફાયદો ભુપીન્દરને થયો નહીં એટલે ભુપિન્દરે ગઝલોની એલ.પી. બહાર પાડવાની શરૂ કરી. હકીકતના ગીતને લીધે ભુપીન્દર બોલીવુડમાં જાણીતા તો થયેલા પણ કામ નહોતું મળતું એવા સમયે એમની ગિટાર એમની મદદે આવી. બહુ ઓછા લોકો જાણતા હશે કે મખમલી અવાજનો આ માલિક ગિટારની સાથે સાથે સારંગી , સરોદ અને સિતાર પણ ખૂબ સારી રીતે વગાડી જાણતો હતો. ભુપીન્દર ની ગિટાર ચમકી ' હરે કૃષ્ણ હરે રામ' ના હીટ સોંગ ' દમ મારો દમ ' માં , ' યાદો કી બારાત ' ના હીટ સોંગ ' ચૂરા લિયા હે તુંને જો દિલ કો ' અને ' કયા હુઆ તેર વાદા ' માં. આર. ડી. બર્મનના લગભગ બધા જ ગીતોમાં ભુપીન્દરની જ ગિટાર હતી. અમરપ્રેમનું ' ચિનગારી કોઈ ભડકે' કે શોલેનું ફેમસ ' મહબૂબા મહબૂબા '..!!! મદન મોહન ના જ ' તું જો મીલ ગયે હો ' માં પણ ગિટાર તો ભુપિન્દરે જ બજાવેલી.

આર. ડી. ની ટોળકીના ભુપીન્દર કાયમી સભ્ય તો હતા જ પણ આર. ડી. એ એમની પાસેથી આપણને હિન્દી ફિલ્મોના કેટલાક મધુર અને ક્યારેય ભુલી ના શકાય એવા ગીતો પણ આપ્યા છે. આર. ડી. એ શરૂઆત કરાવેલી ફિલ્મ સિતારા ના લતા સાથેના ગીત ' થોડી સી જમી થોડા આસમાન ' થી પણ આ જોડીનું હીટ સોંગ તો આવ્યું પરિચય ના ' બીતી ના બિતાયે રૈના , બિરહા કી મારી રૈના ' થી. એ સીવાય આ લખનારનું ફેવરિટ ' નામ ગુમ જાયેગા ' ( કિનારા), હજુર ઈસ કદર ભી ના ઈતરાકે ચલીયે (માસૂમ ) અને સત્તે પે સત્તા જેવા ઘણા ગીતો સામેલ છે. ખાલી આર. ડી જ નહીં પણ ભુપિન્દરે ' ઈક અકેલા ઈસ શહેર મે (Gharonda - જયદેવ ) , ' દિલ ઢૂંઢતા હૈ , ફીર વહી ' ( મૌસમ-મદનમોહન ), કિસી નજર કો તેર ઈન્તેઝાર આજ ભી હૈ ( ઐતબાર-બપ્પી લહેરી ) , હોઠો પે ઐસી બાત ( જવીલથીફ -એસ.ડી. બર્મન),કરોગે યાદ તો હર બાત યાદ આયેગી (બાઝાર – ખૈયામ ), કભી કિસી કો મુકમ્મલ જહાં નહીં મીલતા ( આહિસ્તા આહિસ્તા – ખૈયામ ), જિંદગી જિંદગી મેરે ઘર આના આના જિંદગી ( દુરિયા – જયદેવ ) , સૈયાં બીના ઘર સૂના ( આંગન કી કલી – બપ્પી લેહરી ) સીવાય ઈલિયારાજા , લક્ષ્મી-પ્યારે સહિત ઘણા સંગીતકારો માટે પણ ગાયું.

૧૯૮૦મા મૂળ બાંગ્લાદેશી ગાયિકા મિતાલી મુખર્જી સાથે ભુપિન્દરના વિવાહ થયાં પછી આ ગાયક બેલડીએ શાનદાર સંગીત અને ગીતો આપવામાં પાછું વાળીને ન જોયું. 'આરઝુ ', 'ચાંદની રાત ', ગઝલ કે ફૂલ ' ' ગુલમહોર ' ' એક આરઝુ ' ગુલઝાર સાથે ' સુરમઈ રાત ' જેવા એક એકથી ચડિયાતા આલ્બમો આપ્યા. મિતાલીનો તો પાછો ગુજરાત સાથે પણ સંબંધ હતો કેમકે એમણે સંગીતનો અભ્યાસ એમ. એસ. યુનિવર્સિટી વડોદરામાં કરેલો. ભુપિન્દરે ગુજરાતીમાં ફિલ્મો અને પ્રાઈવેટ આલ્બમમાં અઢળક ગીતો ગયા છે જેમાં ' ધરમ કરમની કાવડ લઈને ' ( મોક્ષ – ગૌરાંગ વ્યાસ )..' પાછું વાળીને જોયું ના ' ( ભવની ભવાઈ – ગૌરાંગ વ્યાસ ).. મિતાલી સાથે ' તારા નયનથી ( સંજીવન આલ્બમ -ઉદય મજૂમદાર ).' મારે કાળજડે થડકારો થાય ' ( લાખો ફુલાણી ), ' તુ લાડકડો મારો નાનડિયો ( રેતીના રતન ) , મારા રામના રખવાળા ' ( મહેંદીનો રંગ ), ' રસિયા તારી કામણગારી ( ખોરડાની ખાનદાની ) , ' એકલા જ આવ્યા મનવા, એકલા જવાનાં '(જાલમસંગ જાડેજા')જેવા અનેકો ગીતો સામેલ છે " ધારો કે એક સાંજ આપણે મળ્યાં અને હળ્યાં'.. ' મને આપો ઉછીનું સુખ થોડું 'પ ખૂબ જ હીટ અને ભુપિન્દરના અવાજમાં વારંવાર સાંભળવું ગમે એવું " મારી આંખે કંકુના સૂરજ આથમ્યા.. તો બન્નેના અવાજમાં આલ્બમ ' હસ્તાક્ષરમાં " હું અને તું નામના કાંઠાને તોડી જળ વહ્યાં સંગાથમાં, તે આપણે ' અને મિતાલીના અવાજમાં " ગોકુળમાં કો'કવાર આવો તો શ્યામ, હવે રાધાને મુખ ના બતાવશો.."જેવા ઘણા ગીતો ગુજરાતીમાં પણ ગયા છે. સમકાલીનો કરતાં કદાચ ઓછી પ્રસિધ્ધિ મેળવનાર ભુપીન્દર માટે ગુલઝારે સાચુ જ કહેલું કે ' ભુપીન્દરનો અવાજ કોઈ પહાડો સાથે ટકરાતી વરસાદની ધારાઓ જેવો છે અને એટલે જ એ અવાજ સીધો આત્મા સુધી પહોંચે છે '. ભુપીન્દર માટે એમનું જ ગાયેલું ગીત ગાઈને એમને યાદ કરતાં રહેવા પડે કે ' મેરી આવાઝ હી પહેચાન હૈ.. ગર યાદ રહે "..!!!

- akurjt@gmail.com